ફરિયાદ દાખલ તારીખ :૨૪/૧૨/૧૯
રજીસ્ટર કર્યા તારીખ :૨૪/૧૨/૧૯
નિકાલ કર્યા તારીખ :૦૬/૦૬/૨૬
સમય અવધિ : વર્ષ–માસ–દિવસ

---

**મહેરબાન ગઢડાના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)**

---

ક્રિમી.કેસ.નંબર:૧૫૫૦/૨૦૧૯
આંક :– ૮૪

**ફરિયાદી:–** આપાભાઈ બાણુભાઈ ગઢવી(ઔસુરા)
ઉ.વ.૬૮, ધંધો.ખેતી
રહે. સમઢીયાળા,તા.ગઢડા,જી.બોટાદ

**–: વિરૂધ્ધ :–**

**આરોપી :–** શાંતીભાઈ દીલુભાઈ (ગઢવી) ઔસુરા
ઉ.વ. આ.પુખ્ત, ધંધો : ખેતી
રહે. સમઢીયાળા,તા.ગઢડા,જી.બોટાદ

**પ્રતિનિધિત્વ:–**
ફરીયાદી તરફે:–વિ.વકિલશ્રી એમ.વી. સોજીત્રા
આરોપી તરફે:– વિ.વકિલશ્રી ડી.એ.માલવણીયા

---

**ગુનો :– નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...**

---

**–:: ચુ કા દો ::–**

**ફરીયાદપક્ષના કેસની હકીકત:**

(૧) આ કામના ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી સમઢીયાળા મુકામે રહેતા હોય અને ભાવનગર જિલ્લા પંચાયત હેઠળના પંચાયત પેટા વિભાગ ગઢડા (સ્વા.) તથા ભાવનગરમાં વર્ક આસીસ્ટન્ટ તરીકે સિંચાઈ વિભાગમાં સને ૧૯૮૦ થી ૨૦૧૦ સુધી નોકરી કરેલી અને ત્યારબાદ રીટાયર્ડ થયેલ છે અને ખેતીની જમીન સમઢીયાળા ગઢવીના મુકામે આશરે ૬૦ વીઘા ખેતીની ધરાવતા હોય અને ખેતીની જમીન પાણીવાળી હોય બે સીઝનના પાકો લેવામાં આવે છે અને સારી એવી આવક મેળવતા હોય અને આરોપી કૌટુંબીક સંબંધી તથા હોવાના નાતે નાણાંની જરૂરીયાત હોય

તો અવાર–નવાર તેમની પાસેથી હાથ ઉછીના લઈ જતા અને પરત આપી જતા હતા. આરોપી ને જરૂરીયાત મુજબ કટકે કટકે સને ૨૦૧૦ માં ફરીયાદી રીટાયર્ડ થતા તેઓને સરકાર તરફથી રૂા. ૫,૩૧,૦૦૦/– જેવી રકમ મળેલી અને ત્યારે પણ આરોપીને નાણાંની જરૂરીયાત હોવાથી સને ૨૦૧ ૦ તથા ૨૦૧૧ માં કટકે કટકે નાણાં આપેલા અને સને ૨૦૧૩ થી સને ૨૦૧૬ સુધીમાં આરોપીના ભાણેજ અને જમાઈને બ્લડ કેન્સર થતા તેઓની સારવાર માટે ત્યારબાદ તેમની અંતિમવિધિ પાછળ ખર્ચ માટે તથા આરોપીના પત્નીના કેન્સરની સારવાર તેમજ આરોપીના માતુશ્રી–પિતાશ્રી તથા ભાણેજ જમાઈ તથા આરોપીના પત્નીનું અવસાન થતાં તે પાછળ ખર્ચ અંગે તથા જમીન લેવા માટે નાણાની જરૂરીયાત હોવાથી ફરીયાદી પાસેથી સને ૨૦૧૩ના વર્ષમાં સારવાર તથા વ્યવહારીક કામ માટે કુલ રૂા. ૨૧,૦૦,૦૦૦/– ઉપરોકત વિગતે કટકે કટકે આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીની મેળવેલી અને સદરહું રકમ ફરીયાદીએ તેમની બચત અને કુલ ૬૦ વીઘા જમીનની ઉપજમાં થી કટકે કટકે આપેલ જે આરોપીએ પરત આપેલ નથી.ત્યારબાદ આરોપીએ મે–૨૦૧૯ માં ફરીયાદીની રૂા.૨૧,૦૦,૦૦૦/–બાકી રકમ અંગે પ્રોમીસરી નોટ લખી આપેલ જે પ્રોમીસરીનોટમાં ફરીયાદીની બાકી રકમ ઉપરાંત નારણભાઈ ગગાભાઈ રાજૈયા પાસેથી પણ રૂા. ૨૮,૦૦,૦૦૦/– મેળવેલ તે બંનેની જોઈન્ટ પ્રોમીસરી નોટ રમેશભાઈ વાજસુરભાઈ ગઢવીની વાડી એ અને તેમની સાક્ષીમાં લખાણ કરી આપેલ અને તે લખાણ મુજબ આજદિન સુધી તેમા જણાવ્યા મુજબ તા. ૩૧/૦૮/૨૦૧૯ સુધીમાં નાણા ચુકવવાના હતા તે નાણાં ચુકવેલ નહી જેથી ફરીયાદી ફરીયાદી ધ્વારા નાણાંની જરૂરીયાત હોવાથી આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપી ધ્વારા ભાવનગર ડિસ્ટ્રીકટ કો.ઓપ. બેન્ક લી. ગઢડાનો ચેક નં. ૯૧૧૬૭૩ તા. ૦૫/૧૧/૨૦૧૯ ના રોજનો રૂા.૧ ૦,૦૦,૦૦૦/–નો આપેલો અને ચેક આપતી વખતે જણાવેલ કે, મારા સાળાને પાટડી નામ ધરાવતી જમીન વેચાણ આપેલ છે અને મારે મોટી રકમ આવેલ હોય તેથી આ ચેક આપુ છુ અને ચેક મુજબની રકમ અચૂક મળી જશે તેવો વચન વિશ્વાસ અને બાંહેધરી આપેલી. ફરીયાદી એ આરોપીએ આપેલ ચેક તેમની ભાવનગર ડિસ્ટ્રીકટ કો.ઓપ. બેન્ક લી. ગઢડામાં કલીયર થવા જમા કરાવતાં તે ચેક '' ફંડસ ઈનસફીસીયન્ટ '' ના શેરા સાથે પરત ફરેલ જેની જાણ ફરીયાદી ને તેમની બેંક ધ્વારા તા. ૦૫/૧૧/૨૦૧૯ ના રીટર્નમેમોથી કરેલ.ત્યારબાદ ફરીયાદી એ આરોપીને તેમની પાસે રજુ રાખેલ સરનામે વકીલશ્રી મારફતે તા. ૨૫/૧૧/૨૦૧૯ ના રોજ રજી. એડી.થી નોટીસ આપેલ જે આરોપીને મળી ગયેલ અને આરોપીએ તેઓના વકીલશ્રી મારફત ખોટો અને ઉડાઉ જવાબ આપેલ અને ચેકની રકમ વસુલ આપેલ નથી.આમ આરોપીએ ફરીયાદીની લેણી રકમ પેટે આપેલ ચેક આપ્યા પછી ખાતામાં બેલેન્સ રાખવા બંધાયેલા હોવા છતાં બેલેન્સ નહી

રાખી ઈરાદાપુર્વક લેણી રકમ નહી ચુકવવાના બદઈરાદાથી ખાતામાં ચેક વસુલ થાય તેવી સ્થિતિ નહી રાખી ચેક પરત કરાવેલ છે અને આરોપીએ ફરીયાદીની બાકી લેણાની રકમનું ચુકવણું ન કરી, ભરવાની થતી કાયદેસરની લેણી રકમ ચુકવી નહી આપી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફોજદારી ગુનો આચરેલો હોય હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

**આરોપીની પ્લી:**

(૨) સદર ફરીયાદ ફરીયાદીએ રજુ કરતાં ફરીયાદ રજીસ્ટ્રરે લેવામાં આવેલ અને આરોપી સામે પ્રોસેસ કાઢવામાં આવેલ જેની બજવણી આરોપીને થતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદ તથા ફરીયાદ સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો આપવામાં આવે છે ત્યારબાદ આરોપીની આંક-૧૬ થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરતાં સદર કામે આરોપી સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૩(એ)મુજબની કાર્યવાહી:**

(૩) આ કામના ફરીયાદી તરફે આંક-૮ થી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૩(એ)મુજબની અરજી આપેલ જે અરજી મંજુર કરી ચેકની રકમના ૧૦% એટલે કે, રૂા.૧ લાખ ડીપોઝીટ કરવાનો હુકમ થયેલ છે જેની સામે આરોપી દવારા રીવીઝન અરજી કરતા સદર રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલ હતી બાદમાં આરોપી દવારા હુકમ મુજબ રૂા.૧ લાખ અદાલતમાં તા.૨૯/૦૪/૨૨ ના રોજ આંક-૨૧ ની અરજી થી ડીપોઝીટ કરાવેલ હતા બાદમાં ફરીયાદી દવારા આંક-૩૨ થી અરજી આપી આ રૂા.૧ લાખ ફરીયાદીના નામે ડીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવા અરજી આપેલ હતી જે અરજી મંજુર કરીને આરોપી દવારા ડીપોઝીટ કરવામાં આવેલ રૂા.૧ લાખ ફરીયાદીના નામે ફીકસ ડીપોઝીટ કરવામાં આવેલ છે જે હાલન કેસના આખરી નિર્ણય સુધી ફરીયાદીના નામે ફીકસ ડીપોઝીટ માં જમા રહેલ છે.

**ફરીયાદપક્ષ તરફેનો પુરાવો:**

(૪) આ કામના ફરીયાદી તરફે આરોપી વિરૂઘ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **અનું નં...** | **મૌખિક પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરીયાદી આપાભાઈ બાણુભાઈ ગઢવી(ઔસુરા)ની- સોગંદનામા પરની સરતપાસની જુબાની. | ૦૪ |
| (૨) | સાહેદ રામજીભાઈ કચરાભાઈ સાકરીયાની જુબાની. | ૫૫ |

| | | |
|---|---|---|
| (૩) | સાહેદ નારણભાઈ ગગજીભાઈ રાજૈયાની જુબાની. | ૬૬ |
| **અનું નં...** | **દસ્તાવેજી પુરાવો...** | **આંક...** |
| (૧) | આરોપીએ આપેલ અસલ ચેક નં.૯૧૧૬૭૩. | ૨૨ |
| (૨) | રીટર્ન મેમો. | ૨૩ |
| (૩) | આરોપીને આપેલ નોટીસની ઓફિસ કોપી. | ૨૪ |
| (૪) | આર.પી.એડી.કર્યાની અસલ પહોંચ | ૨૫ |
| (૫) | નોટીસ મળેલાની એકનોલેજમેન્ટની રીસીપ્ટ. | ૨૬ |
| (૬) | આરોપીએ નોટીસનો વકીલશ્રી મારફતે આપેલ જવાબ. | ૨૭ |
| (૭) | ફરીયાદીના આધારકાર્ડની નકલ. | ૨૮ |
| (૮) | રામદેવ કોટન ઈન્ડસ્ટ્રીઝનું પાર્ટનરશીપ ડીડની નકલ. | ૫૬ |
| (૯) | કપાસ ખરીદીના બીલોની પ્રિન્ટ આઉટ કુલ નંગ–૮. | ૫૭ થી ૬૪ |
| (૧૦) | ખરીદીના રજીસ્ટરની પ્રિન્ટ આઉટ. | ૬૫ |
| (૧૧) | પ્રોમીસરી નોટ. | ૬૮ |
| (૧૨) | ગીરોખત. | ૬૯ |

(૫) બાદ આ કામે ફરીયાદી તર્ફે આંક–૭૦ થી વિશેષ કોઈ પુરાવો આપવા માંગતા નથી તેવું પુરસીસથી જાહેર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**આરોપીનું વધારાનું નિવેદન:**

(૬) બાદ ફરીયાદી તથા આરોપીનો પુરાવો પુરો થયા બાદ સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેઓએ વિશેષ નિવેદનમાં જણાવે છે કે, અમો નિદોર્ષ છીએ, ફરીયાદીએ અમોના કિમતી દસ્તાવેજોનો દુરઉપયોગ કરવામાં આવેલ છે,અમારી ચેકબુક ખોવાઈ ગયેલ હતી તે અંગે નોટીસનો જવાબમા સ્પસ્ટ જણાવેલ હોવા છતા ખોટો કેસ કરવામાં આવેલ છે જેથી નિર્દોષ મુકત કરવા અરજ કરેલ છે તેમજ આરોપી તરફે બચાવમાં સાહેદ તપાસવા માગતા હોય તેઓ દવારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**આરોપી તરફેનો બચાવનો પુરાવો:**

(૭) આ કામના આરોપી તરફે પોતાનો બચાવ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **અનું નં...** | **મૌખિક પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | સાહેદ અલ્પેશકુમાર પ્રફુલચંદ શેઠની જુબાની. | ૭૭ |

| **અનું નં...** | **દસ્તાવેજી પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ. | ૭૫ |
| (૨) | સ્ટોપ પેમેન્ટ કરવા આપેલ અરજીની નકલ. | ૭૮ |
| (૩) | આરોપીના બેંક ખાતાના સ્ટેટમેન્ટની નકલ. | ૭૯ |
| (૪) | ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ તેનુ લીસ્ટ. | ૮૦ |
| (૫) | સ્ટોપ પેમેન્ટ કરાવેલ તે બાબતનું પ્રમાણપત્ર મેળવવા–બાબતના પત્રની નકલ. | ૮૧ |
| (૬) | ચેકનુ સ્ટોપ પેમેન્ટ કરવા બાબતનો બેંકનો પત્ર. | ૮૨ |

(૮) બાદ આ કામે આરોપી તર્ફે આંક–૮૩ થી વિશેષ કોઈ પુરાવો આપવા માંગતા નથી તેવુ પુરસીસથી જાહેર કરતાં આ કામે આરોપીપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફેની દલીલ:**

(૯) બાદ આ કામના ફરીયાદી તરફે તેઓના વકીલશ્રી દવારા મૌખીક દલીલ કરેલ છે કે,આ કામના આરોપી દવારા ફરીયાદી પાસેથી અલગ અલગ સમયે નાણાની જરૂશ્રીયાત હોય નાણા મેળવેલ હતા તેમજ આ બાબતે ગીરોખત તથા પ્રોમીસરી નોટ પણ કરી આપેલ હતી બાદમાં તેઓની પાસે નાણાની માગણી કરતા તેઓ દવારા ફરીયાદ વાળો ચેક આપેલ હતો જે ચેક બેન્કમાં વસુલાત માટે નાખતા અપુરતા ભંડોળ ને કારણે વણચુકવાયેલ પરત ફરેલ હતો અને આરોપીને નોટીસ આપવા છતા તેઓ દવારા નાણા ચુકવેલ નહી અને ખોટો જવાબ આપેલ હતો તેમજ આ નોટીસના જવાબમાં પણ આરોપી દવારા ફરીયાદી પાસેથી નાણા લીધેલ હોવાનો તેમજ પરત ચુકવી આપેલ હોવાની હકીકત જણાવેલ છે આમ તેઓ દવારા નાણા લીધેલાનો સ્વીકાર કરેલ છે જો કે આવા નાણા પરત ચુકવેલ હોવાનો કોઈ આધાર રજુ કરેલ નથી, આરોપી દવારા નાણા લીધેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ હોય પરત ચુકવેલ હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો તેઓની ઉપર આવે છે.આ કામના ફરીયાદી દવારા મૌખીક પુરાવાના આધારે તેઓની કાયદેસરનું લેણું હોવાનું પુરવાર કરેલ છે તેમજ આરોપી તરફે ચેકમાં તેઓની સહી ના હોવાની કોઈ તકરાર લીધેલ નથી તેમજ ચેક સ્ટોપ પેમેન્ટ કરાવાથી આરોપી તેઓની કાયદા મુજબની જવાબદારી માથી છટકી શકે નહી,આરોપી દવારા તેઓના જવાબમાં સ્ટોપ પેમેન્ટ કરેલ હોવા છતા ચેકનો દુરઉયપોગ કરેલ હોવાનું જણાવેલ છે પરંતું આવો દુરઉપયોગ કરેલ હોય તો આરોપીએ ફરીયાદી સામે ચોકકસથી કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ હોત જે કરેલ નથી તેવા સંજોગોમાં આવો બચાવ ચાલી શકે નહી,આ કામે આરોપી તરફે તપાસવામાં આવેલ બેન્કના સાહેદ દવારા પણ ચેકના સેપ પેમેન્ટની પ્રકિયા હોવાનું સ્વીકારેલ છે તેમજ બેન્ક

દવારા પણ રીટર્ન મેમોમાં ચેક રીટર્ન થવાનું કારણ અપુરતું ભંડોળ જણાવેલ છે તેમાં સ્ટોપ પેમેન્ટ જણાવેલ નથી તેમજ આરોપી દવારા બેન્માં જે અરજી આપેલ હતી તેમાં પણ સહી કરેલ ચેક ખોવાયેલા હોવાનું જણાવેલ નથી તેમજ સામાન્ય રીતે કોઈ પણ વ્યકતી સહી કરેલ કોરા ચેકો રાખી મુકે નહી તેવા સંજોગોમાં આરોપી તરફેનો ચેકમાં સહી કરેલ હોય તે ખોવાયેલ હોવાની દલીલ ગ્રાહય રાખી શકાય નહી,વધુમાં ફરીયાદી દવારા દસ્તાવેજો તથા સોહદ તપાસીને તેઓની આવકની ક્ષમતા પણ રેકર્ડ ઉપર લાવેલ છે જે તમામ કારણોસર આ કામના આરોપીએ ફરીયાદ વાળો ચેક કાયદેસર ના લેણા પેટે આપેલ હોવાનું પુરવાર થતુ હોય આરોપી સામનો કેસ પુરવાર થયેલ હોય આરોપી ને મહતમ સજા તથા વળતર ચુકવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**આરોપી તરફેની દલીલ:**

(૧૦) આ કામના આરોપી તરફે તેઓના વકીલશ્રી દવારા મૌખીક દલીલ કરેલ છે કે,આ કામના ફરીયાદી દવારા તેઓની આવક તથા તેઓની નાણા ચુકવવાની ક્ષમતા અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી, ફરીયાદી દવારા કઈ તારીખે,કયા કોની હાજરીમાંકકયા સમયે પૈસા આપેલ તે જણાવેલ નથી,ફરીયાદી દવારા પોતે ખેતીકામ કરતા હોવાની હકકીત પુરવા કરવા માટે રેવન્યું રેકર્ડની નકલો રજુ કરેલ નથી, ફરીયાદી દવારા રજુ કરેલ ગીરોખત તથા પ્રોમીસરી નોટ પુરવાર કરેલ નથી,ગીરોખત રજીસ્ટર્ડ કરાવેલ નથી જે કાયદા મુજબ અનીવાર્ય છે જેથી આવા દસ્તાવેજો ધ્યાને લઈ શકાય નહી,આ કામે ફરીયાદી તરફે તેઓની આવક દર્શાવવા માટે પોતાના બેન્કાન કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી કે બેન્કના સાહેદને તપાસેલ નથી,ફરીયાદી દવારા ૨૮ લાખ જેટલી મોટી રકમ આપેલ હોવાનું જણાવેલ છે તો તેઓની પાસે આવી રકમ હોવાનો પુરાવો રજુ કરવો જોઈએ જે આ કામે રજુ કરેલ નથી,ફરીયાદી દવારા તેઓને પેન્શનના નાણા મળેલ હોવાનું જણાવેલ છે તેમ છતા આ અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી,આ કામે ફરીયાદી તરફે સાહેદોને તપાસેલ છે તેઓ દવારા બીલો આપેલાનો પુરાવો આપેલ છે પરંતું આવા બીલના નાણા તેઓને ચેકથી ચુકવેલ હોવાનું જણાવેલ હોય પરંતું ફરીયાદી દવારા આવા નાણા તેઓને ચેકથી મળેલ હોવાની હકીકત પુરવાર કરવા પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી,આ કામના ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં તેઓ જે સાહેદોને તપાસવા માગે છે તેઓનું લીસ્ટ જણાવેલ છે તેમછતા આવા સાહેદોને ફરીયાદી દવારા તપાસવામાં આવેલ નથી તેમજ પુરાવા દરમ્યાન પણ અરજી આપેલ હતી તેમાં જણાવેલ તમામ સાહેદોને પણ તપાસેલ નથી,આ કામના ફરીયાદી દવારા રજુ કરેલ બીલના દસ્તાવેજો બાબતે સાહેદને તપાસેલ છે જેમાં રજુ થય.બીલો આ કામના ફરીયાદીના નામના નથી જેથી તેને ધ્યાનમાં લઈ શકાય નહી તેમજ રજુ કરેલ ગીરો ખત પણ આ કામના ફરીયાદીને કરેલ હોવાનું

જણાતુ નથી જેથી તેને પણ હાલના કેસમાં ધ્યાને લઈ શકાય નહી,પ્રોમીસરી નોટમાં ચેકનો ઉલેખ કરવામાં આવેલ નથી,આમ ફરીયાદી દવારા આરોપીનો ચેક ખોવાઈ ગયેલ હતો જે ચેક સ્ટોપ પેમેન્ટ કરાવેલ હતો તેમ છતા તેઓ દવારા આ ચેક વસુલાત માટે નાખીને તેનો દુરઉપયોગ કરેલ છે જે અંગે આરોપી દવારા નોટીસનો જવાબ આપેલ છે જેમાં પણ આ તકરાર લીધેલ છે જેની જાણ ફરીયાદી ને થયેલ છે તેમ છતા ચેક નાખેલ છેજેથી આ કામના ફરીયાદી તેઓની કાયદેસરનું લેણું હોવાની, તેઓની નાણા ચુકવવાની ક્ષમતા હોવાની તેમજ આરોપી દવારા તેઓને ચેક કાયદેસરના લેણાની ચુકવણી માટે આપેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ ના હોય આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**નિર્ણયના મુદા:**

(૧૧)ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**–:: મુ દૃા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી ધ્વારા કાયદેસરના લેણા પેટે ફરીયાદીને ભાવનગર ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્ક લી.નો ચેક **નં.૯૧૧૬૭૩** નો રૂા.૧૦,૦૦,૦૦૦/–નો તા.૦૫/૧૧/૨૦૧૯ ના રોજ નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના ભાવનગર ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્ક લી.ગઢડામાં વસુલાત માટે રજુ કરતા તા.૦૫/૧૧/૨૦૧૯ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબ ની તા.૨૫/૧૧/૧૯ ના રોજની નોટીસ આપેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ હોય તેમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવેલ ન હોય આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો ગુનો કરેલ છે. ?

(૨) શું હુકમ ?

**મુદાના નિર્ણય:**

(૧૨)ઉપરોકત મુદૃાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ ય ::–**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**નિર્ણયના કારણોઃ**

(૧૩)ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૧૪) મુદ્દા નંબર.૧ ::–

આ કામે ફરીયાદીએ આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા રજુ કરેલ છે તેની ચર્ચા કરતા પહેલા ચેક અંગે જોઈએ તો ચેક એ ચોકકસ બેંકરને કરેલ હુકમ છે કે,વ્યકિતનું ખાતુ જે બેંકમા હોય તે બેંક ને પોતાના ખાતામાંથી અમુક ચોકકસ રકમ ચોકકસ વ્યકિત ને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો હુકમ છે,બેંકર ( જેમની પાસે ડ્રોઅરનું ખાતુ હોય તે બેંકર ) ને જયાં સુધી ચેક નકારવાનું કોઈ કારણ ના હોય ત્યાં સુધી તેમણે ચેકની ચુકવણી કરવી પડે.આ બાબતે વધુ ચર્ચા કરતા પહેલા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ઘ્યાને લેવી જરૂરી જણાય છે જે મુજબ,જયારે કોઈ વ્યકતી,

> સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવું કે,અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નીભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ ચેક પરત કરે કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ કરતા વધુ છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યાનું ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ના આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે"..
>
> પરંતુ એમ ઠરાવવામાં આવ્યુ છે કે, –
>
> – જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બંન્નેમાંથી જે વહેલી આવતી હોય, તેટલી મુદતની અંદર ચેક બેન્કમાં રજુ કરવામાં આવેલો હોય,
>
> – પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સં બંધી બેન્ક પાસેથી તેની માહિતિ મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત માં નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચૂકવણી કરવા માટે માંગણી કરી હોય અને,
>
> – તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા

જે તે કિસ્સામાં ચેકના ધારકને સદરહું નાણાંની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય.

સ્પષ્ટીકરણ :-

આ કલમના હેતુ માટે “દેવું અથવા અન્ય જવાબદારી”એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આ કામે ફરીયાદીએ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવા આરોપીએ રકમ ચુકવવા માટે તેઓના ખાતાનો ચેક આપેલાની હકીકત પુરવાર કરવી પડે અને જો ફરીયાદી આ હકીકત પુરવાર કરે તો ફરીયાદીની તરફેણમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ મુજબનું અનુંમાન કે,અવેજ, તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલી નો સમય,શેરાઓના ક્રમ,ગુમ થયેલ વિનિયમપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવાનું ઉપસ્થીત થાય અને જેની વિરૂધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી પર છે,તેવીજ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ વંચાણે લેતાં તેમાં પણ''જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુંમાન કરવામાં આવશે કે,ચેકના ધારકે એકટની કલમ-૧૩૮ માં જણાવેલ ચેક,કોઈ દેવું અથવા અન્ય જવાબદારી ને પુરેપુરી રીતે અથવા અંશત:ડીસ્ચાર્જ કરવા માટે મેળવ્યો હતો.''આમ વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુંમાન કરવામા આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે અને આવો વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુંમાન કરવામાં આવશે આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચુકવાયેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે,આમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૧૮(એ) અને કલમ-૧૩૯ના અનુંમાનો એ કાયદાના અને ચોકકસ અનુંમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી.આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,આરોપીએ આવો વિરૂધ્ધનો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી એટલે કે અનુંમાનનું ખંડન આરોપી ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૫)આ હકીકત સાથે ફરીયાદીએ રજુ કરેલ પુરાવો ધ્યાને લેતા આ કામે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં આરોપી તેઓના કૌટુંબીક સગા થતા હોય તેઓને સને.૨૦૧૩ થી સને.૨૦૧૬ સુધીમાં જરૂરીયાત મુજબ રૂા.૨૧ લાખ જેટલી રકમ હાથ ઉછીની આપેલ હતી,અને આ નાણાની અવારનવાર ઉઘરાણી કરતા આરોપી દવારા મે.૨૦૧૯ માં પ્રોમીસરી નોટ કરી આપેલ હતી જે મુજબ તા.૩૧ /૦૮/૧૯ સુધીના નાણા ચુકવવાના હતા તે ચુકવેલ નહી અને આરોપી પાસેથી નાણાની ઉઘરાણી કરતા આરોપી દવારા ભાવનગર ડીસ્ટ્રીકટ કો.ઓપ.બેન્ક લી.ગઢડાનો ચેકનં.૯૧૧૬૭૩ તા.૦૫/૧૧/૧૯ ના રોજ નો રૂા.૧૦ લાખનો લખી આપેલ હતો જે ચેક ફરીયાદી દવારા તેઓ ની સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક,ગઢડા શાખામાં નાખતા ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ હતો જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની નોટીસ તા.૨૫/૧૧/૧૯ ના રોજ આપેલ હતી જે નોટીસ આરોપીને મળી ગયેલ હોય તેમ છતા આરોપી એ નોટીસનો ખોટો જવાબ આપી ચેકની રકમ ચુકવેલ ન હોય હાલની ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે કે,આ ફરીયાદની હકીકત પુરવાર કરવા ફરીયાદી તરફે આંક–૦૪ થી પોતાની સરતપાસની જુબાની આપેલ છે તેમાં પણ આ કામના આરોપી ને અલગ અલગ સમયે અલગ અલગ કારણોસર કુલ રૂ.૨૧ લાખ આપેલ હોવાનો તેમજ તે પેટે આરોપી દવારા પ્ર ોમીસરી નોટ લખી આપેલ હોવાનો તેમજ હાલનો ફરીયાદવાળો ચેક આપેલ જે ચેક બેન્કમાં વસુલાત માટે નાખતા અપુરતા ભંડોળ ને કારણે વણચુકવાયેલ પરત ફરેલ હોવાનો સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી દવારા આ કામે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે જેમાં આ કામે આંક–૨૨ થી ચેકનં.૯૧૧૬૭૩ રજુ થયેલ છે જેની તા.૦૫/૧૧/૧૯ ના રોજથી છે જે ચેક ફરીયાદી દવારા તેઓના બેન્કના ખાતામાં નાખતા સદર ચેક તા.૦૫/૧૧/૧૯ ના રોજ અપુરતા ભંડોળના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જે રીર્ટન મેમો આ કામે આંક–૨૩ થી રજુ થયેલ છે, જેથી ફરીયાદી દવારા નિયત સમયમાં તા.૨૫/૧૧/૧૯ ના રોજ આરોપીને ચેકના નાણા ચુકવી આપવા માટે વકીલશ્રી મારફતે નોટીસ આપેલ હતી સદર નોટીસ આરોપીને  મળી ગયેલ હતી જે નોટીસની ઓફીસ નકલ આંક–૨૪ તથા આરોપીને નોટીસ મળ્યાની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે આંક–૨૫ થી રજુ કરેલ છે તેમજ ફરીયાદીના પુરાવા દરમ્યાન,કપાસના બીલો, બેન્ક સ્ટેટમેન્ટ,ગીરો ખત તેમજ પ્રોમીસરી નોટ રજુ કરેલ છે જે આંક–૬૮ વાળી પ્રોમીસરી નોટમાં આ કામના આરોપી દવારા ફરીયાદીને આપવાના રૂા.૨૧ લાખ પૈકી રૂા.૧૦ લાખ તા.૩૧/ ૦૮/૧૯ સુધીમાં આપવાના છે અને બાકીની રકમ બે વર્ષ પછી આપવાની છે તેમ લખાણ કરવામાં આવેલ છે જેમાં ફરીયાદી,સાક્ષી તથા આરોપીની સહીઓ કરવામાં આવેલ છે,વધુમાં આ પ્રોમીસરી નોટની હકકીતો પુરવાર કરવા

માટે ફરીયાદી તરફે સાહેદ નારણભાઈને આંક–૬૬ થી તપાસવામાં આવેલ છે જેમાં તેઓ દવારા આરોપીએ લીધેલ નાણા ચુકવવા માટે પ્રોમીસરી નોટ લખી આપેલ હોવાનો સમર્થનકારી પુરાવો આપેલ છે,આમ ફરીયાદી તથા સાહેદોની જુબાની તથા સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજોને આધારે આ કામના આરોપી દવારા કાયદેસરના લેણા પેટેની રકમ ચુકવવા માટે ફરીયાદીને આપેલ જે ચેક અપુરતા ભંડોળના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. આમ ઉપરોકત પુરાવો ઘ્યાનમાં લેતા આ કામના આરોપી દવારા ફરીયાદીની પાસેથી લીધેલ નાણા ચુકવવા માટે ચેક આપેલ હોવાનું તેમજ આ ચેક તેની સમયમર્યાદામાં વસુલાત માટે બેન્કમાં નાખેલ જે ચેક અપુરતા ભંડોળના કારણોસર વણચુકવાયેલ પરત ફરેલ હોવાનું તેમજ આ અંગેની જાણ ફરીયાદી દવારા આરોપીને નિયત સમયમાં નોટીસ આપી કરેલ હોવા છતા આરોપી દવારા નોટીસમાં જણાવેલ સમયમાં ચેકના નાણા ચુકવેલ ના હોય ફરીયાદી દવારા નિયત સમયમાં હાલની ફરીયાદી દાખલ કરેલ હોવાનું ફલીત થતુ હોય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧ ૩૯ મુજબના અનુંમાનો કે આ ચેકની વિગતો તથા ફરીયાદવાળો ચેક આરોપી દવારા તેઓના કાયદેસરના લેણા માટે આપેલ હતો હોવાની હકીકત ફરીયાદીની તરફેણમાં ઉપસ્થીત થાય છે અને હવે જેનો ખંડનાત્મક પુરાવો આપવાનો બોજો આરોપી પર આવે છે.

(૧૬)આ કામના આરોપી તરફે આ કેસમાં બચાવ લેવામાં આવેલ છે કે,આ કામના ફરીયાદી દવારા આરોપીને અલગ અલગ સમયે કુલ રૂા.૨૧ લાખ જેટલી મોટી રકમ ઉછીની આપેલ હોવાનું જણાવેલ છે તેમ છતા તેઓની પાસે આટલી મોટી રકમ હોવાનો કે તેઓની આટલી મોટી આવક હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી જે પુરવાર કરવાનો બોજો ફરીયાદી ઉપર છે તેમ છતા ફરીયાદીની નાણા આપવાની સક્ષમતા ફરીયાદી પુરવાર કરી શકેલ ના હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે,જયારે ફરીયાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે,આ કામના આરોપી દવારા ચેક આપેલ છે તે કાયદેસરની લેણી રકમ ચુવવા માટે જ આપેલ હોવાનું કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે તેનાથી વિરૂઘ્ધનો પુરાવો આરોપીએ આપવાનો રહે છે જે આ કામે આરોપી દવારા આપેલ ના હોય આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખી શકાય નહી,આમ બંન્ને પક્ષકારોની દલીલ સાથે કેસનું રેકર્ડ તથા રજુ થયેલ પુરાવો ઘ્યાનમાં લેતા આ કામના ફરીયાદી દવારા તેઓની ફરીયાદમાં જ એક સાથે રૂા.૨૧ લાખ આપેલાનું જણાવેલ નથી તેઓ દવારા સને.૨૦૧૩ થી સને.૨૦૧૬ સુધીમાં અલગ અલગ સમયે અલગ અલગ કારણોસર આરોપીઓને નાણા માગતા આપેલ હોવાનું જણાવેલ છે તેમજ ફરીયાદી દવારા તેઓ પોતે ખેતીકામ કરતા હોવાનો કેસ રજુ કરવામાં આવેલ છે અને તેઓની આવક પુરવાર કરવા માટે તેઓ દવારા સાહેદને તપાસીને કપાસ વેચાણના બીલો રજુ કરેલ છે જે આ

કામે આંક–૫૨ થી ૫૪ સુધીના રજુ થયેલ છે જેમાં પ્રથમ બીલ ફરીયાદીના નામનું તથા બીજા બીલો તેઓના દિકરાના નામના હોવાનું જણાય છે જે બીલોની કુલ રકમ આશરે રૂા.૫ લાખ જેટલી થાય છે તેમજ આ બીલો પુરવાર કરવા માટે બીલ આપનાર સાહેદોને તપાસેલ છે જે બીલો પણ આંક–૫૭ તથા ૬૪ થી રજુ થયેલ છે જે પૈકી બીલોમાં ફરીયાદી તથા તેઓના સગાના નામો હોવાનું જણાય છે તેમજ ફરીયાદી દવારા આ નાણા પૈકીના નાણા તેઓના દિકરા પાસેથી લઈને આપેલ હોવાનું જણાવેલ છે.વધુમાં ફરીયાદી તરફે તેઓની ખેતીની આવક હોવાનું જણાવેલ છે પરંતું ખેતીની જમીન ધરાવતા હોવાનો કોઈ આધાર રજુ કરેલ નથી તેમ છતા રજુ કરેલ બીલો તથા સાહેદોનો પુરાવો જોતા તેઓની આવક અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.વધુમાં આરોપી તરફે ફરીયાદીએ ખેતીના,ઈન્કમટેક્ષ અથવા તો આવક ના દસ્તાવેજો રજુ નહી રાખેલ હોવાની તકરાર લીધેલ છે,આ મુદા ઉપર નામદાર સુપ્રિમકોર્ટ દવારા આપવાામાં આવેલ **SANJABI TARI VS.KISHORE S.BORCAR - 2025(0)AIJEL-SC 75934** નો ચુકાદો ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે,

> “NO DOCUMENTS AND/OR EVIDENCE LED WITH REGARD TO THE FINANCIAL INCAPACITY OF THE APPELLANT 22.
> It is pertinent to mention that in the present case, the Respondent No.1- Accused has filed no documents and/or examined any independent witness or led any evidence with regard to the financial incapacity of the AppellantComplainant to advance the loans in question. For instance, this Court in **Rajaram S/o Sriramulu Naidu (Since Deceased) Through LRs. vs. Maruthachalam (Since Deceased)Through LRs., (2023) 16 SCC 125** has held that presumptions under Sections 118 and 139 of the NI Act can be rebutted by the accused examining the Income Tax Officer and bank officials of the complainant/drawee.”

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમાં પણ આરોપી દવારા આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તેમજ આ ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ ના હોવાનો કોઈ વિરૂધ્ધનો પુરાવો રજુ કરી શકેલ ના હોય તેમજ ફરીયાદીની આવકની અસમર્થતા અંગેનો પ્રાથમીક પુરાવો પણ આપેલ ના હોય ફરીયાદી દવારા માત્ર ઈન્કમટેક્ષના રીટર્ન,હીસાબો કે,ખેતીના દસ્તાવેજો રજુ કરેલ ના હોવાથી ફરીયાદીની આરોપીને નાણા આપવાની સમર્થતા ના હોવાનું માની શકાય નહી જે સંજોગોમાં આરોપી તરફેની ફરીયાદીની નાણા ચુકવવાની સક્ષમતા નહી હોવાની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૭)આ કામના આરોપી તરફે આ કેસમાં મુખ્યત્વે બચાવ લેવામાં આવેલ છે કે,આ કામના આરોપી દવારા ફરીયાદીને ચેક કાયદેસરના નાણા ચુકવવા માટે આપેલ નથી પરંતું તેઓના ચેક ખોવાઈ ગયેલ હોય

જેની જાણ બેન્કને કરીને તેઓ દવારા ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોય તેમજ આ અંગેની જાણ ફરીયાદીની નોટીસનો જવાબ આપીને કરેલ હોવા છતા ફરીયાદી દવારા હાલની ખોટી ફરીયાદ કરેલ છે તેમજ ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે તેઓ દવારા બેન્ક ના સાહેદને તપાસેલ છે તેઓની જુબાનીમાં બેન્ક દવારા આપેલ પ્રમાણપત્ર તથા પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ તથા સેપ પેમેન્ટની અરજીની નકલ રજુ કરેલ છે જે સ્ટેટમેન્ટમાં દર્શાવામાં આવેલ છે જેથી ફરીયાદીની ફરીયાદ ચાલવાપાત્ર થતી નથી,જયારે ફરીયાદી તરફે દલીલ કરવામાં આવેલ છે કે,બેન્ક દવારા આપવામાં આવેલ રીટર્ન મેમોમાં ચેક રીટર્ન થવાનું કારણ ફંડ ઈનસફીસીયન્ટ જણાવેલ છે અને કોઈ વ્યકતી સહી કરેલા કોરા ચેકો રાખી મુકે તે સંભવીત ના હોય આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખી શકાય નહી,આમ બંન્ને પક્ષકારોની આ દલીલ સાથે કેસનું રેકર્ડ જોતા આ કામના ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ રીટર્ન મેમોમાં ચેક રીટર્ન થવાની કારણ ફંડ ઈનસફીસીયન્ટ જણાવેલ છે જયારે આરોપી તરફે રજુ કરવામાં આવેલ બેન્કનું પ્રમાણપત્ર તથા ફરીયાદીના બેન્કનું સ્ટેટમેન્ટ જોતા  ચેકનં.૯૧૧૬૭૩ તા.૦૭/૦૯/૧૮ ના રોજ સ્ટોપ પેમેન્ટ કરવામાં આવેલ હોવાનું જણાય છે,તેમજ આરોપી દવારા આ હકીકત નોટીસના જવાબમાં પણ જણાવેલ હતી જો કે આ કામે ફરીયાદી કે આરોપી પૈકી કોઈ દવારા બેન્કના સાહેદને આ બાબતની પુર્તતા કરવા માટે તપાસવામાં આવેલ નથી તેમ છતા માત્ર ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવાના કારણોસર આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબની ફરીયાદ નહી બનતી હોવાનું ગણી શકાય નહી કારણ કે,આવા કેસમાં ફરીયાદી પાસે આરોપીના ખાતાનો આરોપીનો સહી કરેલ ચેક કેવી રીતે આવેલ તેનો ખુલાસો કરવાનો બોજો આરોપી ઉપર આવે છે જે માટે આરોપી તરફે તેઓની ચેકબુક ખોવાઈ ગયેલ હોવાનું કારણ જણાવેલ છે પરંતું જયારે ફરીયાદી દવારા તેઓને ચેક રીટર્નની નોટીસ આપેલ તે બાદમાં તેઓને આ ચેક ફરીયાદી પાસે હોવાનું જાણમાં આવેલ છે તેમ છતા આવો ચેક જો કાયદેસર રીતે ફરીયાદી પાસે આવેલ ના હતો તો આરોપી દવારા આવા ચેક અંગે ફરીયાદી સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કેમ કરેલ તથી તે પણ પ્રશ્ન ઉપસ્થીત થાય છે કારણ કે ફરીયાદી દવારા આ ચેક તેઓ ને આરોપીએ કાયદેસરનું લેણું ચુકવવા માટે આપેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી તરફે આ પ્રોમીસરી નોટ પણ રજુ કરેલ છે જેમાં આરોપી દવારા ફરીયાદીની લેણી રકમ કબુલ કરેલ છે અને આરોપી દવારા ચેકની તારીખે તેઓના ખાતામાં ચેકની રકમ જેટલી રકમ હોવાનો કોઈ પુરાવો ના આપેલ હોય તેમજ આરોપી દવારા બેન્કમાં પણ ચેક સહી કરેલ હોય અને ખોવાઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ નથી તેમજ આરોપીનો સહી કરેલ ચેક એ જ ફરીયાદી પાસે આવે કે જેઓને આરોપી પાસેથી નાણા લેવાના હોય તેવો સંજોગ બનવો પણ શકય જણાતુ નથી,વધુમાં આરોપી દવારા

ફરીયાદીની નોટીસનો જવાબ આપેલ છે જે આંક–૨૭ થી રજુ થયેલ છે તેના પેરાનં.૭ માં ઘરમાં બિમારી હોય કયારેક એક લાખ કે દોઢેક લાખ વ્યાજે લીધેલ હતા તેમ સ્વીકાર કરેલ છે તેમજ આરોપી દવારા પોતાના ભાઈની જમીન વેચીને આગેવાનોની હાજરીમાં નણા ચુકવી દીધેલ હોવાનું જણાવેલ છે,આમ આરોપી તરફે ફરીયાદી પાસેથી નાણા લીધેલ હોવાનું તો કબુલ રાખેલ છે તેમજ નાણા ચુકવેલાનું પણ જણાવેલ છે જો કે આ કામે ફરીયાદીને નાણા ચુકવી દીધેલ હોવાનો કોઈ આધાર રજુ કરેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદવાળો ચેક આરોપી દવારા કાયદેસર ના લેણાની રકમ ચુકવવા માટે આપેલ હોવાનું જણાય છે તેમજ આ મુદા ઉપર નામદાર સુપ્રિમકોર્ટ દવારા **M/S Laxmi Dyechem vs State Of Gujarat & Ors on 27 November, 2012** ના ચુકાદામાં જણાવેલ છે કે,

> Dishonour of cheques simpliciter for the reasons stated in Section 138 of the NI Act although is sufficient for commission of offence since the presumption of law on this point is no longer res integra, the category of 'stop payment' instruction to the bank **where the account holder has sufficient funds in his account to discharge the debt** for which the cheque was issued, the **said category of cases would be subject to rebuttal** as this question being rebuttable, the accused can show that the stop payment instructions were not issued because of **insufficiency or paucity of funds**, but stop payment instruction had been issued to the bank for o**ther valid causes** including the reason that there was no existing debt or liability in view of bonafide dispute between the drawer and drawee of the cheque. If that be so, then offence under Section 138 although would be made out, the same will attract Section 139 leaving the burden of proof of rebuttal by the drawer of the cheque. Thus, in cases arising out of 'stop payment' situation,Sections 138 and 139 will have to be given a harmonious construction as in that event Section 139 would be rendered nugatory.

આમ ઉપરોકત ચર્ચા તથા ચુકાદો ધ્યાને લેતા આરોપી તરફેનો ચેક ખોવાયેલ હોય તેનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવાના કારણોસર ફરીયાદ ચાલવાપાત્ર થતી ના હોવાનો બચાવ ગ્રાહય રાખવાપાત્ર જણાતો ના હોય ગ્રાહય રાખવામાં આવતો નથી.વધુમાં આરોપી તરફે દલીલ કરેલ છે કે,ફરીયાદી દવારા તેઓના સાહેદ લીસ્ટમાં જણાવેલ સાહેદોને તપાસેલ નથી જેથી આ બાબત શંકા ઉપજાવે છે પરંતું ફરીયાદપક્ષે કયા સોહદને તપાસવા કે કયા સાહેદને નહી તપાસવા તે તેઓની વિવેકબુંધ્ધી અને મનસુફી ઉપર આધાર રાખે છે કારણ કે,પુરાવાના કાયદા મુજબ દરેક કેસમાં અમુક સં ખ્યામાં સાહેદો તપાસવા જોઈએ કે અમુક સાહેદોને તપાસવા જ જોઈએ કે ફરીયાદમાં દર્શાવેલ એવા તમામ સાહેદોને તપાસવા જોઈએ એવો કોઈ કાયદાનો નિયમ નથી,તેમજ ફરીયાદપક્ષે દરેક કેસમાં સ્વતંત્ર સાહેદો દવારા પોતાને કેસ સાબીત કરવો તેવો પણ કાયદાનો કોઈ નિયમ નથી

અદાલતને ફકત સાહેદોના પુરાવાની ગુણવતા સાથે સબંઘ હોય છે,સાહેદોની સંખ્યા સાથે નહી જેથી ફરીયાદી દવારા સોહદ તરીકે દર્શાવેલ સાહેદોને તપાસેલ ના હોય તેનાથી ફરીયાદપક્ષના કેસના ગુણદોષમાં વધું કોઈ ફેર પડી શકે નહી અને જો આ સાહેદ આરોપીને મદદ કરી શકે તેમ હોય તો આરોપી પણ તેઓના પુરાવામાં તેઓને સાહેદ તરીકે તપાસી શકેલ હોત જેથી માત્ર સાહેદો નહી તપાસવાથી ફરીયાદપક્ષ ના કેસમાં શંકા ઉપજતી હોવાની આરોપી તરફેની દલીલ હાલનો કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ નો હોય ગ્રાહય રાખવાપાત્ર જણાતી ના હોય ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૮)વઘુમાં આરોપી દવારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ ના હોવાની તકરાર લીઘેલ છે જેથી ફરીયાદી પાસે આ ચેક કેવી રીતે આવેલ તે પુરવાર કરવાનો બોજો તેઓની ઉપર છે કારણ કે, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ જયારે ફરીયાદી પાસે આ ચેક છે તો આવો ચેક તેઓની પાસે કાયદેસરના લેણા પેટેનો હોવાનું કાયદા મુજબનુ અનુંમાન ઉપસ્થીત થાય છે જો કે આરોપી દવારા ચેક ખોટી રીતે ચેક મેળવી લઈ રજુ રાખેલ હોવાની તકરાર લીઘેલ હોય તો આ હકકીત પુરવાર કરવાનો બોજો તેઓની ઉપર આવે છે અને ફરીયાદીની ઉલટતપાસમાં પણ એવી કોઈ બાબત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેના આઘારે ફરીયાદીએ રજુ કરેલ ચેક આરોપી પાસેથી ખોટી રીતે ચેક મેળવી લઈ ખોટી સહી કરીને રજુ રાખેલ હોવાનું માની શકાય,આમ ફરીયાદી એ પોતાની જુબાની તથા રેકર્ડ પરના પુરાવાઓથી પોતાના કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુંમાનો આરોપી વિરૂઘ્ઘ લાગુ પડે છે તેવુ અત્રેની અદાલતને બતાવેલ છે,આમ આ કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧ ૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુંમાનો મુજબ હવે આરોપીએ સદર અનુંમાનોનું ખંડન કરવાનું રહે અને જયારે આ કામના આરોપીએ ફરીયાદીને ચેક આપેલો ના હોય કે ચેક આપેલ ત્યારે તેઓના ખાતામાં ચેકની રકમ જેટલા નાણા જમા હોય તેવો કોઈ બચાવ તેઓ દવારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી,વઘુમાં ફરીયાદીની જુબાનીમાં આરોપીને તેઓની હાજરીમાં ચેકમાં પોતાની સહી કરી આપેલ હોવાનો તેમજ આ નાણા પેટે પ્રોમીસરી નોટ પણ લખી આપેલ હોવાનો પુરાવો પડકારવામાં આવેલ ના હોય તથા આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તેનો ખુલાસો કરતો પુરાવો રજુ થયેલ ના હોય તેવા સંજોગોમાં માત્ર દલીલ કરવા માત્રથી તેઓની હકીકત માં તથ્ય હોવાનું માની શકાય તેમ નથી અને આ કામે કાયદા મુજબના ફરીયાદીએ તમામ પાસાઓ પુરવાર કરેલ હોય ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબના અનુંમાનો ઉપસ્થીત થતા હોય તે અંગે વિરૂઘ્ઘનો પુરાવો કે અનુંમાનોને ખંડીત કરતો પુરાવો આપવાનો બોજો આ કામના આરોપી પર છે જે માટે આરોપી

તરફે બેન્કના સ્ટેટમેન્ટ તથા પ્રમાણપત્ર રજુ કરીને વિરૂધ્ધની હકીકત રેકર્ડ લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતું આ કામના આરોપી તરફે તેઓના નોટીસના જવાબમાં ફરીયાદી પાસેથી નાણા લીધેલ હોવાનો કરવામાં આવેલ સ્વીકાર તેમજ આવા નાણા પરત ચુકવેલ હોવાનો કેસ રજુ કરવામાં આવેલ હોય તેમ છતા આવી હકીકત લગત કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ ના હોય માત્ર બેન્કના પ્રમાણ પત્ર ને આધારે આરોપી દવારા ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવામાં આવેલ હોવાનું પુરવાર થઈ શકે પરંતું તેના આધારે આરોપી દવારા ફરીયાદી પાસેથી લીધેલ નાણા ચુકવવા માટે ચેક નહી આપેલ હોવાની હકીકત પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી,વધુમાં આરોપી દવારા ચેક ખોવાયેલ તે માટે બેન્કમાં ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે પરંતું આવી સહી કરેલી એક કરતા વધારે ચેકબુકો ખોવાઈ જાય તેમ છતા પોલીસમાં આવી ચેકબુક ગુમ થયાની ફરીયાદ કે અરજી કે જાણ ના કરે તે પણ સંભવીત જણાતુ નથી જેથી આરોપી તરફેનો આવો ચેકબુક ગુમ થયાનો વિરૂધ્ધનો પુરાવો અદાલત દવારા ગ્રાહય રાખવામાં આવતો નથી.

(૧૯)આમ આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આ કામના આરોપી દવારા ફરીયાદીને તેઓના કાયદેસરના ઉછીના લીધેલ નાણા ચુકવવા માટે ચેક આપેલ હોય જે ચેક નીયત સમયમાં વસુલાત માટે બેન્કમાં નાખતા અપુરતા ભંડોળના કારણોસર વણચુકવાયેલ પરત ફરેલ હોય અને જેથી ફરીયાદી એ સમયમાં આરોપીને ચેકની રકમ ચુકવી આપવા ડીમાન્ડ નોટીસ આપેલ હોય જે આરોપીને મળી ગયેલ છે તેમ છતા નોટીસ સમયમાં તેઓએ ચેકની રકમ નહી ચુકવીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું પુરવાર કરી શકેલ છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાન મુજબ તેમજ નામદાર સુપ્રિમકોર્ટ દવારા **RANGAPPA VS.SRI MOHAN - 2010(0)AIJEL-SC 48349** ના કેસમા ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી વિરૂધ્ધનો પુરાવો ન આપે,અગર તો ફરિયાદીનો પુરાવો વિસ્વસનીય રીતે રિબટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તેવુ અનુંમાન થાય જયારે આ કેસમાં આરોપી દવારા પોતાના સહી ચેકમા નહી હોવા અંગેના બચાવમાં બેન્કના કોઈ સાહેદનો મૌખીક પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદીના તેઓની રૂબરૂ આરોપી દવારા સહી કરીને ચેક આપેલ હોવાના પુરાવા ને ઉલટતપાસમાં પડકારેલ નથી તેમજ આ કામે રજુ થયેલ રીર્ટન મેમોમાં પણ બેન્ક દવારા અપુરતું ભંડોળ હોવાનું જ કારણ દર્શાવેલ છે જેથી પુરાવા દરમિયાન લેવામા આવેલ ઈન્કાર અગર તો દલીલમાં લીધેલ કથન આરોપીનો ખંડનાત્મક પુરાવો ગણી શકાય નહી,આમ ઉપરોકત તમામ કારણોસર ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં તેમજ ફરીયાદીની તરફેણમાં

કાયદામાં જણાવેલ અનુંમાનોનું ખંડન કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેલ હોય આ કામના આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિશંકપણે પુરવાર થતુ હોય ન્યાયના હિતમાં મુદાનં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**નિષ્કર્ષ :**

(૨૦)ઉપરોકત મુદાનં.૧ ના નિર્ણયો તથા કારણો ધ્યાનમાં લેતા મુદાનં.ર લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી:શાંતીભાઈ દીલુભાઈ(ગઢવી)ઔસુરાને ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ–૨૫૫(૨)હેઠળ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય તેઓની સામેનો કેસ વોરંટ ટ્રાયેબલ ના હોય કાયદા મુજબ આરોપીને સજા બાબત સાંભળવા જરૂરી નથી પરંતું કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ આરોપીને સાંભળવાની તક આપવામાં આવે તો ન્યાયનું હીત જળવાય તેમ હોય સજા અંગે સાંભળવા મુલતવી રાખવામાં આવેલ છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૦૬/૦૬/૨૦૨૬
સ્થળ:–ગઢડા

( હિતેશકુમાર અમરભાઈ મકા)
જયુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-
GJO1459

(૨૧) આ કામના આરોપીની સજા અંગે સાંભળવા કામ રાખવામાં આવેલ છે અને ફરીયાદીપક્ષ તથા આરોપીપક્ષને સજા અંગે સાંભળેલ છે.

---

આ કામના આરોપીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા તેઓએ એવી દલીલ કરે છે કે,ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ રેકર્ડ પરની હકીકત ઘ્યાને લેતાં આરોપી નો સૌ પ્રથમ ગુન્હો છે,આરોપી મોટી ઉમરના હોય તેમજ ગરીબ ઈસમ કમાનાર એકજ વ્યકતી છે,આમ ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો ઘ્યાને લઈ આરોપીને ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

આ કામના ફરીયાદીના વકીલશ્રી દવારા રજુઆત કરેલ છે કે,આ કામના આરોપી દવારા ફરીયાદી સાથે આર્થીક ગુનહો આચરેલ છે જે અદાલતમાં પુરવાર થયેલ છે જેથી હાલના સમયમાં આવા ગુન્હાનું પ્રમાણ જોતા સમાજમાં દાખલો બેસાડવા માટે વધુમાં વધું સજા કરવા અરજ કરેલ છે.

આ કામના આરોપી તરફેની રજુઆત ઘ્યાને લેતાં આરોપીની વિરૂઘ્ધમાં આ અગાઉ ગુનામાં સંડોવાયેલ હોય તેવુ ફરીયાદપક્ષે જણાવેલ નથી,આમ આ આરોપી સૌ પ્રથમ ગુન્હો છે તથા તેમનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી,વઘુમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ઘ્યાનમાં લેવી પડે અને આ કામના આરોપીએ આર્થિક ગુનો કરેલ છે અત્યારના પ્રવર્તમાન સમયમાં ઘંઘાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આઘારીત છે મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેંક ને ચેક આપે તો તે ચેકનું અવમુંલ્યન થવું જોઈએ નહી ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુંલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત રહેલ નથી એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદના આવા આર્થીક ગુન્હામાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપી શકાય નહી,આમ ઉપર મુજબ તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ફોજદારી કાર્યરીતી અધિનીયમ ની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપવા પાત્ર થતો ના હોય પરંતું આરોપી મોટી ઉમરના હોય તે બાબત સજા કરતા સમયે ઘ્યાનમાં રાખી કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ તથા આરોપી દવારા કેસ ચાલતા દરમ્યાન નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૩(એ) હેઠળ અદાલતના હુકમ મુજબ રૂા.૧ લાખ જમા કરાવેલ હોય તે ઘ્યાનમાં લેતાં આરોપીને કાયદા મુજબની

યોગ્ય સજા કરવી જરૂરી હોય તેમજ ફરીયાદીને થયેલ નુકસાનની તમામ હકીકતો અને ચર્ચા લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી:શાંતીભાઈ દીલુભાઈ(ગઢવી)ઔસુરાને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૫૫(૨)હેઠળ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૫૭ મુજબ રકમ રૂા.૯,૦૦,૦૦૦/–ફરીયાદીને દીન–૩૦ માં વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી આ રકમ નીયત સમયમાં ચુકવામાં નિષ્ફળ જાય તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જો કાચા કામના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીના જામીન ખત રદ કરવામાં આવે છે.

(૫) આ કામના ફરીયાદી તરફેની નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૩(એ)મુજબની અરજીના કામે થયેલ હુકમ મુજબ આરોપી દવારા ડીપોઝીટ કરાવેલ રકમ રૂા.૧ લાખ જે ફરીયાદીના નામે ડીકસ ડીપોઝીટ કરાવેલ હોય તે આ કામના ફરીયાદી અપીલ સમય બાદમાં મેળવી શકશે.

(૬) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૩ મુજબ વિના મુલ્યે હુકમની નકલ પુરી પાડવી.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:–૦૬/૦૬/૨૦૨૬
સ્થળ:–ગઢડા

(હિતેશકુમાર અમરભાઈ મકા)
જયુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-GJO1459